
# શિવસેના સુપ્રિમો બાલ ઠાકરેનું નિધન

મુંબઈ,તા. ૧૭

છેલ્લા ઘણા દિવસથી બિમારી સામે લડી રહેલા શિવસેનાના સર્વેસર્વા અને સુપ્રિમો બાલ ઠાકરેનું આજે ૩.૩૩ વાગ્યે અવસાન થતા આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. બાલ ઠાકરેની સારવાર કરી રહેલા તબીબ જલીલ પાર્કરે ઉપનગરી બાંદ્રા ખાતે આવેલા તેમના આવાસ માતોશ્રીની બહાર આવીને તેમના અવસાનના સમાચાર આપ્યા હતા. બાલ ઠાકરેનું અવસાન હાર્ટ એટેક થઈ જવાના કારણે થયુ હતુ. બીજીબાજુ ઠાકરેના અવસાનના સમાચાર આગની જેમ ફેલાતાની સાથે જ શિવસૈનિકોમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. ઘણા શિવસૈનિકો માતોશ્રીની બહાર રડી પડ્યા હતા. હજારોની સંખ્યામાં કાર્યકરો માતોશ્રીની બહાર ઉમટી પડ્યા હતા જેથી પોલીસને પણ સ્થિતિને કાબૂમાં લેવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ અગાઉ શનિવારે બપોરે એકાએક માતોશ્રીની બહાર હિલચાલ તીવ્ર થતા તેમના આરોગ્યને લઈને અટકળો તીવ્ર બની ગઈ હતી. માતોશ્રીની બહાર એકાએક સુરક્ષા વધારી દેવામાં આવી હતી. આ ગાળા



દરમિયાન જ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે પણ માતોશ્રી પહોંચી ગયા હતા.

માતોશ્રીની બહાર મિડિયાના લોકો પણ એકત્રિત થઈ ગયા હતા. બાલ ઠાકરેના પાર્થિવ શરીરને રવિવારે સવારે સાત વાગ્યે શિવાજી પાર્કમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવનાર છે. શિવસેનાએ ઠાકરેના અવસાન બાદ કાર્યકરોને સંબોધિત કરતા કહ્યુ છે કે માતોશ્રી પર લોકો ન પહોંચે અને રવિવારના દિવસે જ શિવાજી પાર્કમાં બાલ ઠાકરેના અંતિમ દર્શન કરી લે. જુદાજુદા નેતાઓ પણ તરત પહોંચવા લાગી ગયા હતા. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે બાલ ઠાકરેની તબીયતમાં સુધારો થઈ રહ્યો છે અને ચમત્કારિક સુધારો થઈ રહ્યો છે જેથી શિવસૈનિકો અને મુંબઈના લોકોમાં રાહતનું મોજુ દેખાઈ રહ્યુ હતુ પરંતુ એકાએક બપોરે તેમનું અવસાન થતા મુંબઈ જાણે કે રોકાઈ ગયુ હતુ. બાલ ઠાકરે છેલ્લા ઘણા દિવસથી ગંભીરરીતે બિમાર હતા. તેઓ ૮૬ વર્ષના હતા. બાલ ઠાકરે શ્વાસ લેવાની તકલીફ, પેનક્રિયાટીક રોગથી ગ્રસ્ત હતા. બાલ ઠાકરેને બે પુત્રો છે જેમાં જયદેવ અને ઉદ્ધવનો સમાવેશ થાય છે. ઉદ્ધવ ઠાકરે શિવસેનાના કારોબારી પ્રમુખ તરીકે છે. અવસાનના સમાચારની સાથે જ પક્ષના વરિષ્ઠનેતાઓ, બાલ ઠાકરેના ભત્રીજા રાજ ઠાકરે, પરિવારના સભ્યો સાથે પહોંચી ગયા હતા. ઠાકરેના અવસાનના અનુસંધાનમાં મુંબઈમા સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. માતોશ્રીથી પત્રકારોને થોડાક દૂર રાખવામાં આવ્યા હતા. બાલ ઠાકરેને ટાઈગર ઓફ મહારાષ્ટ્ર તરીકે પણ ગણવામાં આવતા હતા. શિવસૈનિકો માટે તેઓ ભગવાન સમાન બની ગયા હતા. જ્યારે દુશ્મનો માટે તેઓ ખૂબજ મજબુત હરિફ હતા. મહારાષ્ટ્રના સૌથી સર્વોચ્ચ નેતા તરીકેની તેમની ગણતરી કરાતી હતી. દરમિયાન મળેલી માહિતી મુજબ બાલ ઠાકરેના આવતીકાલે અંતિમસંસ્કાર કરવામાં આવનાર છે.

## ઠાકરેના નિધનની સાથે સાથે

શિવસેનાના નેતા બાલ ઠાકરેના અવસાનથી દેશભરમાં તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. બાલ ઠાકરે તેમના ચાહકોમાં ઉંચા અવાજથી પોતાની વાત રજુ કરવા માટે જાણીતા હતા. તેમના આકરા પ્રહારો પણ લોકોને પ્રભાવિત કરતા હતા. બાલ ઠાકરેના અવસાનથી એક શક્તિશાળી, સાહસી વ્યક્તિ ગુમાવી દીધા હોવાનો મત તમામ લોકો આપી રહ્યા છે. અવસાનની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- શિવસેનાના વડા બાલ ઠાકરેનું બપોરે ૩.૩૩ વાગ્યે નિધન થયુ
- બાલ ઠાકરેની સારવાર કરી રહેલા તબીબ જલીલ પાર્કરે માતોશ્રીની બહાર આવીને જાહેરાત કરી
- છેલ્લા ઘણા દિવસથી બાલ ઠાકરેના આવાસ માતોશ્રી પર જ તમામ તબીબી સુવિધાઓ અને તબીબોની ટીમ ગોઠવવામાં આવી હતી
- ઠાકરેના અવસાનના સમાચાર ફેલાતા શિવસૈનિકોમાં શોકનું મોજુ ફરી વળ્યુ
- શિવસૈનિકો મોટી સંખ્યામાં માતોશ્રીની બહાર એકત્રિત થયા
- ઘણા શિવસૈનિકો તો રડતા પણ નજરે પડ્યા
- આજે એકાએક બપોરે માતોશ્રીની બહાર ગતિવિધિ તીવ્ર બની જતા અટકળો તીવ્ર બની ગઈ
- માતોશ્રીની બહાર એકાએક સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત બનાવી દેવામાં આવી
- મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે પણ માતોશ્રી પહોંચી ગયા હતા
- માતોશ્રીની બહાર મિડિયાના લોકો પણ મોટી સંખ્યામાં એકત્રિત થયા
- બાલ ઠાકરેના પાર્થિવ શરીરને સવારે સાત વાગ્યે શિવાજી પાર્કમાં અંતિમ દર્શન માટે મુકાશે
- ભાજપના નેતા સુષ્મા સ્વરાજે બાલ ઠાકરેને સિંહ તરીકે ગણાવ્યા
- મહારાષ્ટ્ર, દેશ અને એનડીએને મોટો ફટકો પડ્યો
- બોલિવુડના તમામ કલાકારો અને ઉદ્યોગજગતના તમામ લોકો પણ માતોશ્રી ખાતે એકત્રિત થયા
- બાલ ઠાકરે ટાઈગર ઓફ મહારાષ્ટ્ર તરીકે ગણાતા હતા
- સચિન તેન્ડુલકરની પણ ટિકા કરવાથી તેઓ પાછળ રહ્યા ન હતા
- ઠાકરેને ઘણા દિવસથી શ્વાસ લેવાની તકલીફ અને પેનક્રિયાટીક તકલીફો હતી
- બાલ ઠાકરે હંમેશા મહાષ્ટ્રી લોકોની નોકરીની સુરક્ષા માટે લડનાર વ્યક્તિ તરીકે હતા
- વડાપ્રધાને ભાજપના નેતાઓ સાથેની ડિનર બેઠક પણ ઠાકરેના અવસાન બાદ રદ કરી

## બાલ ઠાકરેના અવસાનથી બોલિવુડમાં આઘાતનું મોજુ

મુંબઈ,તા. ૧૭

બાલ ઠાકરેના અવસાનથી બોલિવુડમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ છે. ફિલ્મ ઉદ્યોગ પણ એક દિવસ માટે બંધ થઈ ગયુ છે. શિવસેના વડા બાલ ઠાકરેથી બોલિવુડના તમામ કલાકારો ભારે પ્રભાવિત હતા. અમિતાભ બચ્ચન પણ બાલ ઠાકરેથી પ્રભાવિત હતા. મધુરભંડારકર, અમિતાભ બચ્ચન, અન્ય તમામ ટોચના કલાકારોએ શ્રદ્ધાંજલિ આપી છે.

મધુરભંડારકરે સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર શ્રદ્ધાંજલિ આપતા કહ્યુ છે કે બાલ ઠાકરે એક મહાન નેતા હતા. લોકો માટે અવાજ ઉઠાવવા માટે પણ તેઓ જાણીતા હતા. એક શાર્પ ઓબ્ઝર્વ તરીકે તેમની ગણતરી કરવામાં આવતી હતી. લોકોમાં હંમેશા તેમની કમી રહેશે. ગુલપનાંગ, સોહેલ શેઠ, શીરીશ કુંદર, નેહા ધૂપિયા, રણદીપ હુડા, વિવેક ઓબેરોય, આફતાબ શિવદાસાની, રાજ કુંદ્રા , અજય દેવગન, હેમામાલિની, રિતેશ દેશમુખ, શોભા દે, રણવીર શોરી, લત્તા મંગેશકાર, અમિતાભ બચ્ચન, અર્જુનરામપાલ, કરણ જોહર, મહેશભટ્ટ દ્વારા બાલ ઠાકરેને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. અમિતાભ બચ્ચને કહ્યુ છે કે છેલ્લા થોડાક દિવસથી તેઓ બાલ ઠાકરેની નજીક બેઠા હતા. તેમના મનમાં બાલ ઠાકરે માટે પ્રાર્થના પણ થઈ રહી હતી. શ્વાસ લેવામાં તેમને તકલીફ થઈ રહી હતી. પરંતુ તેઓ લાઈફ સામે લડી રહ્યા હતા. દરરોજ તેમની લડત જારી હતી. બીજીબાજુ તબીબો પણ તેમને સ્વસ્થ કરવામાં લાગેલા હતા. થોડાક કલાકો પહેલા જ તેમના અવસાનના સમાચાર મળ્યા હતા જેથી બાલ ઠાકરે અમને છોડીને જતા રહ્યા છે તે બાબતની કલ્પના કરવી મુશ્કેલ છે. મહેશભટ્ટે કહ્યુ છે કે બાલ ઠાકરે જેવા નેતા ક્યારેય મળતા નથી. તેમને ક્યારેય પણ ભૂલી શકાશે નહીં. લતા મંગેશકરે તેમની પ્રતિક્રિયામાં કહ્યુ છે કે શ્રી બાલા સાહેબ ઠાકરે હમ લોગોકો છોડ કે અનંત મેં વિલિન હો ગએ. અન્ય કલાકારોએ પણ જુદીજુદી રીતે શ્રદ્ધાંજલિ આપી છે.

## બાલ ઠાકરેના નિધનથી શિવસેનાના ભાવિને લઈને અટકળો શરૂ

મુંબઈ,તા. ૧૭

શિવસેનાના સુપ્રિમો બાલ ઠાકરેના અવસાન બાદ હવે શિવસેનાના અસ્તિત્વને લઈને પણ એક લડાઈ શરૂ થઈ ચુકી છે. કારણ કે શિવસેના છેલ્લા ઘણા સમયથી તેની તાકાત ગુમાવી હતી અલબત્ત બાલ ઠાકરે યથાવતરીતે મજબુત સ્થિતિમાં હતા અને તેમની હાજરીથી શિવસેના મજબુત સ્થિતિમાં દેખાઈ રહી હતી. તેમના અવસાન બાદ હવે શિવસેનાના અસ્તિત્વને લઈને પણ નિષ્ણાંત લોકોમાં ચર્ચા શરૂ થઈ ચુકી છે. શિવસેના એક માત્ર પાર્ટી રહી છે જે તેની રચના થયા બાદથી હજુસુધી માત્ર બાલ ઠાકરેના કરિશ્મા પર જ આધારિત રહી હતી. બાલ ઠાકરેની મુખ્ય શક્તિ મહાનગર મુંબઈમાં સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી. તેમના એક ઈશારે દિનરાત દોડતા મુંબઈના લોકો રોકાઈ જતા હતા અને તેમના તરફ આકર્ષિત થઈ જતા હતા. બાલ ઠાકરેની શક્તિનું મુખ્ય કેન્દ્ર હંમેશાથી મુંબઈ રહ્યુ હતુ. બાલ ઠાકરેને શહેરી મરાઠા નેતા તરીકે ગણવામાં આવતા હતા. બાલ ઠાકરેના અવસાનથી જાણે કે મુબઈના શ્વાસ પણ રોકાઈ ગયા છે. મુંબઈમાં ચારેબાજુ આઘાત જોવા મળ્યો છે.

૧૯૬૬માં જન્મ બાદ મહારાષ્ટ્રના ઘણા મુખ્યમંત્રી આવ્યા અને જતા રહ્યા અને બીજા પક્ષોમાં પણ ઘણા નેતા આવ્યા અને બદલાઈ ગયા પરંતુ જે એક બાબત અકબંધ રહી હતી તે બાલ ઠાકરે હતા. શિવસેનામાં પણ ઘણી વખત બળવાની સ્થિતિ ઉભી થઈ હતી. છગન ભુજબળ, નારાયણ રાણે જતા રહ્યા હતા છતાં પણ શિવસેનામાં પણ વિભાજન એવું થયુ નથી જેવું ડીએમકે અને અકાલીદળમાં થયુ હતુ. બાલ ઠાકરેના કરિશ્મા પર ચાલતી શિવસેના હવે કઈ દિશામાં આગળ વધશે તેને લઈને પણ શિવસૈનિકો ચિંતિત બનેલા છે. બાલ ઠાકરેએ પોતાને એક હિન્દુની જેમ રજુ કર્યા હતા. પરંતુ ભાજપ સામે પણ તેઓ મેદાનમાં આવી ચુકયા છે. પાકિસ્તાનની ટીમ ભારતમાં રમે તે માટે વાજપેઈ સામે તેઓએ અવાજ ઉઠાવ્યો હતો. શિવસેનાના વડા બાલ ઠાકરેના પુત્ર ઉદ્ધવ ઠાકરે શિવસેનાને બાલ ઠાકરેની જેમ મજબુતી આપી શકતા નથી. જ્યારે ભત્રીજા રાજે અલગ પાર્ટી બનાવીને તમામને ચોંકાવી દીધા હતા. રાજે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની રચના કરી હતી. રાજ અને ઉદ્ધવ ઠાકરે હવે ફરી સાથે આવશે કે કેમ તેને લઈને પણ હવે ચર્ચા છે.

## મુખ્યમંત્રીએ શિવસેનાના પ્રમુખ બાળાસાહેબ ઠાકરનો આપેલી ભાવભીની શ્રદ્ધાંજલિ

આજે શિવસેનાના પ્રમુખ શ્રી બાળાસાહેબ ઠાકરેના નિધન પ્રસંગે તેમને શ્રદ્ધાંજલિ અર્પતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાય દિવસથી સમગ્ર દેશ બાળાસાહેબ ઠાકરેના દીર્ઘાઆયુષ્ય માટે સતત પ્રાર્થના કરતો હતો. શ્રી બાળાસાહેબ પોતે પણ એક યોદ્ધાની જેમ જીવન માટે સંઘર્ષ કરતા હતા. પરંતુ આખરે આપણને સૌને નિરાશા સાંપડી. શ્રી બાળાસાહેબે વિદાય લીધી પણ શ્રી બાળાસાહેબની આ વિદાય એક વ્યક્તિની નહીં પણ એક યુગની વિદાય છે.

શ્રી બાળાસાહેબ સ્વયં સત્તાના ગલિયારાઓથી દૂર રહ્યા પણ એક સામર્થ્યશાળી રાજનૈતિક સંગઠન ઉભું કર્યું. રાજનૈતિક આંદોલન ઉભું કર્યું. રાષ્ટ્રવાદી વિચારધારાને બેભાગપણે રજૂ કરવામાં એમનો કોઈ જોટો ન જડે. તેઓ દેશભક્તિની કોઈપણ બાબતમાં ક્યારેય સમાધાન કરતા ન હતા. આવું એક વિરલ વ્યક્તિત્વ, એક શ્રેષ્ઠ કાર્ટુનિષ્ટ, એક ઉત્તમ પત્રકાર, એક ઝિંદાદિલ નાગરિક, સતત જીવંત વ્યક્તિત્વ અને સમાજના સર્વક્ષેત્રોની સાથે જીવંત સંપર્ક રાખનારૂ વ્યક્તિત્વ આપણી પાસેથી વિદાય થયું છે. વ્યક્તિગત રીતે મને પણ ઘણી મોટી ખોટ સાલે છે. મને એમનો અપાર સ્નેહ મળ્યો છે. આજે એમની વિદાયથી અંગત રીતે મેં એક વડીલ ગુમાવ્યા છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુંહતું કે, હું શ્રી બાળાસાહેબને આદરપૂર્વક અંજલિ અર્પુય છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે, એમના પરિવારજનોને આ દુઃખદ ઘડીમાં શક્તિ આપે એજ પરમાત્માને પ્રાર્થના.

## આજથી કોમી એકતા અને રાષ્ટ્રીય અખંડિતા સપ્તાહ

ગાંધીનગર, તા.૧૭

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દેશમાં કોમી સદભાવના અને રાષ્ટ્રીય એકતાને વધુ સુદ્દઢ બનાવાના ઉદ્દેશથી ૧૯૯૨થી કાર્યરત રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન (નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મોની-એનએફસીએચ) સ્વાયત સંસ્થા દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ૧૯ નવેમ્બરથી ૨૫ ડિસેમ્બર દરમિયાન કોમી એકતા સપ્તાહ રાષ્ટ્રીય અખંડિતતા સપ્તાહની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે.

આ સપ્તાહ દરમિયાન ૧૯ નવેમ્બરને રાષ્ટ્રીય અખંડિતતા દિવસ, ૨૦ નવેમ્બરને અલ્પસંખ્યક કલ્યાણ દિવસ, ૨૧ નવેમ્બરને ભાષા સદભાવના દિવસ, ૨૨ નવેમ્બરને એસસી/એસટી માટે સહાયતા કરવા વિકર સેકશન દિવસ, ૨૩ નવેમ્બરને સાંસ્કૃતિક એકતા દિવસ, ૨૪ નવેમ્બરને મહિલા દિવસ તેમજ ૨૫ નવેમ્બરને ધ્વજ દિન તેમજ પર્યાવરણ સુરક્ષા માટે સંરક્ષણ દિવસ તરીકે વિવિધ સેમિનાર, વિચારગોષ્ઠિ, રેલી, સંમેલન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવાનું નક્કી થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રિય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મોની સંસ્થા કોમી તોફાનોના કારણે કે આતંકવાદી ભાંગફોડથી અસર પામેલા કુટુંબોના નિરાશ્રિત બાળકોની સારસંભાળ, શિક્ષણ, તાલીમ તેમજ પુનર્વસવાટ માટે સહાયરૂપ બને છે. આ ફાઉન્ડેશનને અપાતું ડોનેશન ઈન્કમટેક્ષની કલમ ૮૦ (જી) હેઠળ ૧૦ ટકા કરમુક્ત પાત્ર છે.

આ સપ્તાહ દરમિયાન તા. ૨૩મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ધ્વજદિનની ઉજવણી કરવામાં આવનાર છે, તેમ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## કંપની સમાચાર

### એલ્કોન એન્જિનિયરીંગે બીજા ત્રિમાસિકનાં નોંધનીય પરિણામ જાહેર કર્યા

#### ચોખ્ખો નફો ૪૭.૫૦ ટકા વધીને રૂા. ૨૨.૯૭ કરોડ થયો

ભારતની સૌથી વિશોળ મટીરિયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટ્સ એન્ડ ટ્રાન્સમિશન પ્રોડકટ્સની ઉત્પાદકમાંની એક એલ્કોન એન્જિનિયરીંગ કંપની લિ. એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક માટે તેનાં અનઓડિટેડ નાણાંકીય પરિણામો જાહેર કર્યાહતાં. આર્થિક વર્ષ ૨૦૧૩ના બીજા ત્રિમાસિક માટે ટર્નઓવર રૂા. ૩૨૯.૬૭ કરોડ નોંધાયું હતું. જે ગત વર્ષના આ જ સમયગાળામાં રૂા. ૩૩૫.૩૬ કરોડ સામે ૧.૭ ટકા ઘટાડો દર્શાવે છે.

વેરા પૂર્વેનો નફો આર્થિક વર્ષ ૨૦૧૨ના બીજા ત્રિમાસીકમાં રૂા. ૨૪.૮૩ કરોડથી ૩૬ ટકા વધીને આર્થિક વર્ષ ૨૦૧૩ના બીજા ત્રિમાસીકમાં રૂા. ૩૩.૭૬ કરોડ નોંધાયો છે. વેરા પછીનો નફો આ સમયગાળામાં રૂા. ૧૫.૫૭ કરોડથી ૪૭.૫૦ ટકા વધીને રૂા. ૨૨.૯૭ કરોડ થયો છે.

આ પરિણામો વિશે બોલતાં એલ્કોન એન્જિનિયરીંગ કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટર શ્રી પ્રયાસવીન પટેલે જણાવ્યું હતું ટર્નઓવર અને ચોખ્ખા નફામાં વૃદ્ધિ મોર્કેટીંગમાં પ્રયાસો વધારવાથી, ઉત્તમ ઉત્પાદન કાર્યક્ષમતા અને ખર્ચને વ્યવહારુ બનાવવામાં આવ્યો તેમાંથી પરિણમી છે. મટીરિયલ હેન્ડલીંગ વિભાગની વિશાળ ઓર્ડર બુક પોઝિશન સાથે વૃદ્ધિ થઈ છે. ગિયર વિભાગે વર્તમાન આર્થિક મંદી વચ્ચે પણ તેજી જાળવી રાખી છે. આ પ્રવાહ આગળ પણ ચાલુ રહેવાની અમને આશા છે.


### બ્રિટાનિયાની આવકમાં ૯.૫ ટકાનો ચોખ્ખા નફામાં ૩૬.૪ ટકાનો વધારો

ભારતની ટોચની ફૂડ કંપની બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિ. એ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨નાં રોજ પૂરા થયેલા બીજા કવાર્ટરનાં પ્રોત્સાહક પરિણામો નોંધાવ્યા છે. કંપનીની આવક ૯.૫ ટકા વધીને રૂા. ૧૫૪૨.૬ કરોડ અને ચોખ્ખા નફો ૩૬.૪ ટકા વધીને રૂા. ૫૮.૯ કરોડનો થયો છે. અર્ધવાર્ષિક ધોરણે આવકો ૧૦.૬ ટકા વધીને રૂા. ૨૮૯૦.૮ અને ચોખ્ખો નફો ૨૭.૮ ટકા વધીને રૂા. ૧૦૫.૪ કરોડનો થયો છે.

કંપનીની સ્ટેન્ડએલોન રેવન્યુ ૮.૭ ટકા વધીને રૂા. ૧૪૦૨.૮ કરોડની થઈ છે. અર્ધવાર્ષિક આવક ૯.૭ ટકા વધીને રૂા. ૨૬૨૪.૪ કરોડની થઈ છે.

આ પ્રસંગે કંપનીનાં મેનેજિંગ ડાયરેકટર સુશ્રી વિનિતા બાલીએ જણાવ્યું હતું કે, કોમોડિટી અને બળતણનાં ખર્ચામાં અસાધારણ વધારો છતાં અમે નફાકારક વૃદ્ધિ જાળવવામાં સફળ થયા છીએ.

## શબ્દાવલી - ૪૮૯૮



**આડી ચાવી**

૧. જનાવર, પશુ (૪)
૪. પારખવાની દૃષ્ટિ-શક્તિ (૩)
૭. પૉલિયોની... બાળકોને ફરજિયાત પીવડાવવામાં આવે છે (૨)
૮. કસમ (૨)
૯. પાણીચું પકડાવવું (૪)
૧૧. મોટા થાળ (૩)
૧૨. ઓળખવું, પરીક્ષા કરવી (૩)
૧૩. તોછડાઈથી બોલાવવું (૩)
૧૫. હૃદય, દિલ (૩)
૧૬. અણનમ જેવો ભાવ આવે તેવો શબ્દ (૪)
૧૯. ચોખાનાં લોટનું ખીચું બનાવી... કરાય (૩)
૨૧. ...નું મસ ના થયું (૨)
૨૨. મડદું (૨)
૨૩. લોઢી (૨)
૨૪. ટોપરાને... નટ પણ કહેવાય (૨)

**ઊભી ચાવી**

૧. ઝાડ-છોડના સુકા ડાળખાં (૩)
૨. ૧૨ મહિના બરાબર એક... કહેવાય (૩)
૩. પહોંચ (૩)
૫. 'રડસમ' શબ્દ આડો અવળો (૪)
૬. ખચકાટ થવો (૪)
૧૦. પથરાળ (૪)
૧૧. ભીની જમીનમાં સળીયો ખુતાડવાની એક રમત (૪)
૧૩. તૂકો નામે ઓળકાતા એક પ્રખ્યાત સંત (૪)
૧૪. રાષ્ટ્રીય જનતા પાર્ટી (૩)
૧૬. એક કંદ (૩)
૧૭. હરકત, નડતર (૩)
૧૮. માખણ, ક્રીમ (૩)
૨૦. પરીક્ષા, કસોટી (૨)

### શબ્દાવલી ૪૮૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) મલમલ (૫) વૃત્તાંત (૬) ઈતરપ્રવૃત્તિ (૯) ખાર (૧૦) તસ્વીર (૧૧) ભરતી (૧૩) રસ (૧૫) સાનુકૂલ (૧૭) નાદાન (૧૮) લક (૧૯) કરીમ

**ઊભી ચાવી :-** (૧) મલાઈ (૨) મલ્હાર (૩) નિવૃત્તિ (૪) પતવાર (૭) તપસ્વી (૮) વૃષભ (૯) ખાતીરદારી (૧૦) તલસાટ (૧૨) ઝલક (૧૪) સનમ (૧૬) ફૂલ (૧૭) નાક

નૂતન વર્ષાભિનંદન...
સોનલ ઈન્ડેન

Indane
છીપા ચકલા, રાંધેજા, તા.જી. ગાંધીનગર
ફોન : ૨૩૯૭૬૩૭૮

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

THE CREATIVE DECORATORS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી

FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ